# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CBSE RESULT

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSE એ આજે ધોરણ 10 અને 12 નું પરિણામ જાહેર કર્યું છે. CBSEએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 87.98 ટકા વિદ્યાર્થીઓએ બારમા ધોણની બોર્ડની પરીક્ષા પાસ કરી છે. જ્યારે ધોરણ દસનું પરિણામ 93.60 ટકા પરિણામ જાહેર થયું છે.. પાસ થવાની ટકાવારી ગત વર્ષની સરખામણીએ 0.65 ટકા વધુ છે. આ પરીક્ષામાં 24 હજારથી વધુ ઉમેદવારોએ 95 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે અને 1.16 લાખથી વધુ વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે. વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થીઓને 6.40 ટકા પાછળ છોડી દીધા છે. ધોરણ 12 ની પરીક્ષા માટે કોઈ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે નહીં. બોર્ડે www.cbseresults.nic.in, www.cbse.gov.in તેમજ ડિજીલોકર અને ઉમંગ એપ્સ સહિતની વેબસાઇટ્સ પર ધોરણ 10નું પરિણામ પણ જાહેર કર્યું છે.

## Lokrakshak application

લોકરક્ષક અને પીએસઆઈની ભરતી માટેનાં અરજીપત્રક ભરવાનો સમય પૂર્ણ થયો છે. પીએસઆઇ માટે ચાર લાખ 50 હજાર અને લોકરક્ષક માટે 9 લાખ 83 હજાર અરજીઓ મળી છે.

સ્નાતક અને ધોરણ 12 ની પરીક્ષાઓના પરિણામ આવ્યા બાદ ફરી અરજી પત્રક ભરી શકાશે. ઓગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં અરજી કરવા માટે ફરી તક આપવામાં આવશે.

15 દિવસ સુધીનો સમય ફરી અરજી કરવા માટે આપવામાં આવશે અને ચોમાસા બાદ શારીરિક કસોટી લેવામાં આવશે. ઓક્ટોમ્બર નવેમ્બર મહિનામાં શારીરિક કસોટી લેવામાં આવશે એમ પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું છે.

## Navsari- death by drowning

નવસારી જિલ્લાના દાંડીના દરિયામાં ન્હાવા પડેલા રાજસ્થાની પરિવારના લાપત્તા 4 લોકોના મૃતદેહો મળી આવ્યા છે.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે ગઇકાલે દરિયામાં ન્હાવા પડેલા નવસારી નજીકના નવા તળાવ ગામના રાજસ્થાની પરિવારના 7 લોકો ડૂબવા લાગતા હોમગાર્ડ અને સ્થાનિક તરવૈયાઓએ 3 ને બચાવી લીધા હતા, જ્યારે લાપત્તા અન્ય 4 લોકોના મૃતદેહો 14 કલાકની જહેમત બાદ મળી આવ્યા હતા.

## Gujarat Rain.

રાજ્યમાં કેટલાંક સ્થળોએ આજે સવારથી વાતાવરણમાં પલટો આવતા લોકોને કાળઝાળ ગરમીમાંથી મુક્તિ મળી છે. ભાવનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ભારે ગરમી બાદ આજે બપોરે વાદળછાયા વાતાવરણ બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભાવનગર જિલ્લાનાં શિહોર તાલુકનાં બોરડી, ટાણા, જાંબાળા, કાજાવદર, ખારી અને આજુબાજુ ગામમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને કારણે ઊભા પાકને નુકસાન થતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે.

વલસાડ જિલ્લાના કપરાડાના અંતરિયાળ વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. પવન સાથે પડેલા વરસાદને પગલે ગિરનારા સ્થિત આશ્રમશાળાને નુકસાન થયું હતું. કપરાડાના ગિરનારા અને હુડા ગામમાં કરા સાથે વરસાદ પડ્યો હતો

દરમિયાન, બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે અહીંનાં માર્કેટ યાર્ડના સત્તાવાળાઓએ સાવચેતીનાં ભાગ રૂપે જણસીને સલામત સ્થળે રાખવાનું સુચન કર્યું હતું.

## NARMDA WATER

મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની વીજળીની જરૂરિયાતને પુરી કરવા માટે નર્મદા કંટ્રોલ ઓથોરીટીના આદેશથી ડેમના રીવરબેડ પાવરહાઉસ કાર્યરત કરાયું છે.ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના આરબીપીએચના 6 ટર્બાઇન ચાલુ કરાતા વીજ ઉત્પાદન શરૂ થયું છે.જોકે નર્મદા ડેમના રીવર બેડ પાવરહાઉસના ટર્બાઇન 29મી એપ્રિલથી સતત ધમધમી રહયાં છે.હાલ ડેમની સપાટી 120.50 મીટર છે. સરદાર સરોવરમાં 4 હજાર કયુસેક પાણી આવી રહયું છે.જેની સામે18 હજાર કયુસેક પાણીની જાવક થઇ રહી છે. હાલ નર્મદા ડેમ સહિત ૨૦૭ ડેમમાં ૩૧.૨૭% ઉપયોગમાં લઇ શકાય તેટલું પાણી છે અને જુલાઈ સુધી પીવાનાં પૂરતાં પાણીનો જથ્થો હોવાનું તંત્ર દ્વારા જણાવાયું છે.

## MORBI- MACHHU DAM

મોરબીના મચ્છુ-2 ડેમમાં દરવાજાનું સમારકામ કરવાનું હોવાથી ડેમના બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા છે. મોરબી અને માળીયા તાલુકાના 34 ગામોને એલર્ટ આપવામાં આવ્યું છે. મોરબીનો બેઠો પુલ સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યો છે.

ડેમના અધિકારી વી.કે, પટેલે જણાવ્યું હતું કે, એક હજાર 400 ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે, જેથી 34 ગામોને એલર્ટ કરાયા છે. નદીના પટમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી છે. ડેમમાં કુલ 988 એમસીએફએફ પાણીનો જથ્થો છે, તેમાંથી 726 એમસીએફએફ પાણી છોડવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ડેમ 3 દિવસમાં ખાલી થશે ત્યારબાદ દરવાજા રેપિરીંગ કરવામાં આવશે.

## IPL

IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે આજે ગુજરાત ટાઇટન્સ અને કોલકતા નાઈટ રાઇડર્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 7-30 વાગે શરૂ થશે.

કોલકતા નાઇટ રાઇડર્સ પ્લે ઓફમાં સ્થાન મેળવી ચુકી છે. જયારે ગુજરાત પ્લે ઓફમાં સ્થાન મેળવવા જીતના લક્ષ્ય સાથે રમતમાં ઉતરશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચોમાં રોયલ ચેલેન્જર બેંગલુરૂએ દિલ્હી કેપીટલ્સને 47 રને હરાવ્યું છે અન્ય મેચમાં ચેન્નાઇએ રાજસ્થાનને પાંચ વિકેટે હાર આપી હતી.

## SOMNATH PALKHIYATRA

સોમનાથ મહાદેવના 47 માં પ્રતિષ્ઠા દિવસે દેવાધીદેવ  મહાદેવ નગર ચર્ચાએ નીકળ્યા  હતાં.. જેમાં સોમપુરા બ્રહ્મ સમાજ દ્વારા સોમનાથ પ્રભાત ક્ષેત્રમાં ભગવાન સોમનાથની પાલખી યાત્રા યોજાઇ હતી.